ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૪.૦ ડીગ્રી
લઘુતમ : ૩૦.૫ ડીગ્રી
ભેજ
સવારે ૩૯ ટકા ● સાંજે ૪૦ ટકા

# સે-૨૩માં સ્વામિનારાયણ મંદિરના ૪૩માં પાટોત્સવની ઓનલાઈન ઉજવણી

ગાંધીનગર, તા. ૧૬

કોરોના કાળમાં સમગ્ર જીવનશૈલીમાં આમૂલ પરિવર્તન જોવા મળી રહ્યું છે. મેળા-ઉત્સવો અને પ્રસંગોની સહુ સાથે મળીને જોશભેર ઉજવણી કરનારા આપણા સમાજમાં હવે પ્રવર્તમાન સંજોગોને પગલે ધાર્મિક ઉજવણીઓ પણ ઓનલાઈન કરવામાં આવી રહી છે. ગાંધીનગરમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સૌ પ્રથમ સ્થપાયેલા સે-૨૩ ખાતેના મંદિરનો ૪૩મો પાટોત્સવ વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈને હરિભક્તોના સ્વાસ્થય અને સુખાકારી માટે મંદિરનાં સંતોએ ભાવસભર ઓનલાઈન ઉજવ્યો હતો.



આ પ્રસંગે પંચામૃત, પંચાહ ફળ રસ તથા કેસર જળથી મહાભિષેક, વિશેષ પૂજન, આરતી, મહાનૈવેદ્ય અન્નકૂટ વગેરે કાર્યક્રમોનું આયોજન કરાયું હતું જેમાં ઘરે બેઠાં ઓનલાઈન હજારો ભક્તોએ શ્રદ્ધા પૂર્વક દર્શન-પૂજનનો લાભ લીધો હતો. આ પ્રસંગે પૂ.ગુરુજી શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીએ સૌને ઓનલાઈન આશીર્વાદ પાઠવ્યા અને સમગ્ર વિશ્વમાં ફેલાયેલ કોરોના મહામારીથી ભગવાન સૌની રક્ષા કરે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.

# સે-૨ ખાતે નિઃશુલ્ક સેવા આપતું ૫૦ બેડનું શ્રી સ્વામીનારાયણ કોવિડ કેર સેન્ટર

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના સેક્ટર-૨ ખાતેના શ્રી સ્વામીનારાયણ મંદિર અને મહાનગર પલિકાના વોર્ડ નં.૯ના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો તેમજ અન્ય સ્વામીનારાયણ ભકતો, દાતાઓ વગેરે દ્વારા તા.૩જી મેના રોજથી ૫૦ બેડનું નિઃશુલ્ક કોવિડ કેર સેન્ટર શરૂ કરાયું છે જેમા કોઈ કોવિડ પોઝિટિવ પેશન્ટને આઈસોલેશન માટે વ્યવસ્થા ન હોય તે આ કોવિડ કેર સેન્ટરનો લાભ લઈ શકે છે.

સેકટર-૨ ખાતેના શ્રી સ્વામીનારાયણ કોવિડ કેર સેન્ટરમાં દર્દીએ ફક્ત બે જોડ કપડાં તેમજ ઓઢવા માટે ચાદર જ લાવવાની રહે છે. અહી દર્દીને દરરોજ સવારે ઉકાળાથી શરુ લીંબુ શરબત, ફળોનો



જ્યુસ, બે ટાઈમ નાસ્તો, બે ટાઈમ જમવાનું તેમજ તમામ દવાઓ વિના મૂલ્યે પુરી પાડવામાં આવે છે. આ ઉપરાંત આકસ્મિક જરુર પડે તો ત્યાં ઓક્સિજનની પણ ટેમ્પરરી વ્યવસ્થા કરવામાં આવી છે. આ કોવિડ કેર સેન્ટરમાં ૫૦ બેડની અધતન સુવિધા છે. ભાજપના વોર્ડ નં.૯ના ઉમેદવાર ડો. સંકેત પંચાસરાના વડપણ હેઠળ ડો. તેમજ નર્સિંગ ટીમો દ્વારા નિયત સમયે દર્દીને તપાસવામાં આવે છે તેમજ જરુરી હોય તે મુજબ દવાઓ આપવામાં આવે છે દવાઓ તેમજ અન્ય પરચુરણ ખરીદી આ વોર્ડના ભાજપના અન્ય ઉમેદવારો અલ્પાબેન પટેલ, રાજુભાઈ પટેલ અને શૈલાબેન ત્રિવેદી દ્વારા કરવામાં આવી રહી છે જેઓ પણ સેવાઓ આપી રહ્યા છે. શ્રી સ્વામીનારાયણ કોવિડ કેર સેન્ટરમાં સુરેશભાઈ તેમજ સે.૩ના ભાજપ અગ્રણી જીગ્નેશભાઈ ઠક્કર પણ તેમની અવિરત સેવા આપી રહ્યાં છે જેમાં તેઓ દરેક પેશન્ટને રુબરુ મળી તેમને કોઈ મુશ્કેલી ન પડે તે માટે તેઓ રાત દિવસ પ્રયત્ન કરતા રહે છે. આ ઉપરાંત ધ્રુવ પટેલ, કુમારભાઈ પટેલ વગેરે પણ સેવા બજાવી રહ્યા છે.

# આઈસીયુ સુધી દર્દીના સગાને કોણ લઈ ગયું ?

**સિવિલમાં ફરજ પરના સ્ટાફ સિવાય કોઈને પણ અંદર પ્રવેશ આપવામાં આવતો નથી**
**કોવીડમાં ફરજ બજાવતા વર્ગ-૪ કર્મચારીના ફોન પણ ફરજ દરમિયાન લઈ લેવામાં આવે છે**

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. દર્દીને મળવા માટે કોઈ પણ વ્યકિત બહારનું જઈ ન શકે તેવી વ્યવસ્થા ગોઠવાઈ છે. તાજેતરમાં દર્દીને મળવા માટે જતા સ્ટાફના નાના કર્મચારીને નોકરીમાંથી પાણીચું આપી દેવાયું હતું. ત્યારે ગતરોજ આઈસીયુ પાસેથી વધુ એક દર્દીનો સગો ઝડપાયો હતો. આ વ્યકિતએ સ્ટાફ જેવી કીટ પણ પહેરી હતી. સલામતી રક્ષકોના હાથે પકડાયેલા વ્યકિત ઉચ્ચ અધિકારીના સ્નેહીજન હોવાનું ધ્યાને આવ્યું છે. જયારે આ વાત સિવિલ સત્તાધિશો સુધી પહોંચતા સિવિલના સત્તાધિશ તેમજ સગાને મોકલનાર અધિકારી સાથે બોલાચાલી થઈ હોવાનું પણ જાણવા મળ્યું છે. હવે સિવિલ સત્તાધિશો પોતાના બનાવેલા નિયમો માટે આ અધિકારી સામે શું પગલા ભરશે તે જોવું રહ્યું ?

મળતી વિગત મુજબ કોરોનાના કોહરામ વચ્ચે ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં ૩૦૦ થી વધુ દર્દીઓ સારવાર હેઠળ છે. દર્દીઓ માટે જરુરી ચીજવસ્તુઓ તેમના સ્નેહીજનો મોકલતા હોય છે. સિવિલ તંત્ર દ્વારા તે માટે સવાર-સાંજ સમય નિયત કરાયો છે. જે તે ચીજવસ્તુ દર્દી સુધી પહોંચી પણ જાય છે. ત્યારે તાજેતરમાં જ સિવિલમાં દર્દીને એડમીટ થવા માટે અને જરુરી ચીજવસ્તુઓ પહોંચાડવા માટે લેતી દેતીની વાત સામે આવી હતી. જેને પગલે સિવિલ તંત્ર દ્વારા સુરક્ષા કવચ વધુ મજબુત બનાવાયું છે. સિવિલમાં ફરજ પરના સ્ટાફ સિવાય કોઈને પણ અંદર પ્રવેશ આપવામાં આવતો નથી. કોવીડમાં ફરજ બજાવતા વર્ગ-૪ કર્મચારીના ફોન પણ ફરજ દરમિયાન લઈ લેવામાં આવે છે. તો પછી દર્દીના સગા છેક આઈસીયુ સુધી કેવી રીતે પહોંચ્યા! કયાં અધિકારીની મહેરબાનીથી રોકટોક વિના ગયા, અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ તે વ્યકિતએ સિવિલના ઉચ્ચ અધિકારીનું નામ આપ્યું હતું. જેથી બે અધિકારી વચ્ચે પણ આ મુદ્દે ચકમક ઝરી હતી. નાના કર્મચારીની આ પ્રકારની ભુલથી પોતાની નોકરી ખોવાનો વારો આવ્યો અને હવે આ વ્યકિત સામે કે તેને લઈ જવામાં મદદ કરનાર વ્યકિત સામે સિવિલ તંત્ર શું કાર્યવાહી કરે છે તે આગામી સમયમાં જોવું રહ્યું?

## શહેરના મુકિતધામ ખાતે ૧૧ કોવીડ મૃતકોના અગ્નિસંસ્કાર કરાયા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના સેકટર-૩૦ મુકિતધામ ખાતે ૧૭ મૃતદેહના અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા છે. કોરોના પોઝીટીવ ૧૧ મૃતકોની અંતિમવિધી પણ મુકિતધામ ખાતે કરાઈ હતી. આ ૧૧ મૃતકોમાં શહેરી વિસ્તારના માત્ર ૨ જ મૃતકો હતા. શહેરની સરકારી તેમજ આસપાસના વિસ્તારમાં આવેલી ખાનગી હોસ્પિટલમાં કોરોનાની સારવાર ચાલી રહી હોય અને અંતિમ શ્વાસ લીધા હોય તેવા ૯ મૃતકોના અગ્નિસંસ્કાર પણ મુકિતધામ ખાતે કરવામાં આવ્યા હતા. ત્યારે કોવીડ મૃતકોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

## માનસિક સ્વાસ્થ્યની જાળવણી અંગે રાંધેજા ખાતે વિદ્યાપીઠના અધ્યયન કેન્દ્રનો વેબિનાર

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના રાંધેજા ખાતે ગૂજરાત વિદ્યાપીઠના ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્રમાં માનસિક સ્વાસ્થ્યની જાળવણી કરવા અંગે મનોચિકિત્સિક અને સમાજમનોવિજ્ઞાન ક્ષેત્રના તજજ્ઞો દ્વારા કોવિડ કાળની બીજી જીવલેણ લહેરમાં પોતના વતનમાં રહી કોરોના દર્દીઓ તથા તેમના કુટુંબીજનોને જુદી જુદી રીતે મદદરૂપ થઈ રહેલા રાષ્ટ્રીય સેવા યોજના સ્વયંસેવકોને માર્ગદર્શન અને પ્રેરણા આપવા માટે રાષ્ટ્રીય કક્ષાના વેબિનારનું આયોજન કરવામાં આવ્યુ હતું જેથી તેઓની વર્તમાન ભૂમિકાને વધુ સાર્થક દિશામાં દોરી સમાજમાં કોવિડલક્ષી આરોગ્ય અને પ્રસન્નતામાં વધારો કરી શકાય.

સંગોષ્ઠીના સંગોષ્ઠીના અધ્યક્ષ પદે વિશ્રામપુર-પલામૂ ઝારખંડ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર રામચન્દ્ર ચન્દ્રવંશી, ગ્રામીણ વિકાસના અનુભવી તજજ્ઞ તથા મનોચિકિત્સક ડૉ.ગુલાબસિંહ આઝાદ તથા મુખ્ય વકતા ગુરુ ઘાસીદાસ કેન્દ્રીય વિશ્વવિદ્યાલય, બિલાસપુર- છત્તીસગઢ઼ના ગુરુ ઘાસીદાસ કેન્દ્રીય વિશ્વવિદ્યાલયના પ્રોફેસર અને મનોસમાજ વિજ્ઞાની ડૉ. પ્રતિભા જે મિશ્રાએ ઉપસ્થિત રહી વિદ્યાર્થિઓને નાગરિકોને પ્રસન્ન રાખવની ટેકનીકો શીખવામાં માર્ગદર્શન આપ્યું હતું.

# પંદર ફુટ જેટલા ઉંડા ખાડામાં પડેલી ગાયનું રેસ્ક્યુ

**સરગાસણ વિસ્તારના ખેતરમાં અવાવરું ખાડામાં પડી ગયેલી દુઝણી ગાયને સમજદારીપૂર્વક બચાવાઈ**

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં એક ખેતરમાં પંદરેક ફુટ ઉંડા ખાડામાં એક દુઝણી ગાય પડી જવા પામી હતી જેને ગાંધીનગર વોલિયન્ટર્સ ગૃપના સ્વયંસેવકોના પ્રયાસથી સલામત રીતે બહાર કાઢવામાં આવી હતી. એક તબક્કે આ રેસ્ક્યુ કાર્ય માટે ફાયરબ્રિગેડને પણ બોલાવાઈ હતી પરંતુ ફાયરની ટીમે તેમની પાસ ગાયને પટ્ટા બાંધીને ખેંચીને કાઢવાનો વિકલ્પ હોવાથી દુઝણી ગાયના આંચળને નુકશાન થઈ શકે તેવી શકયતાને પગલે તે વિકલ્પ પડતો મુકી જેસીબી મશીનનો સહારો લેવામાં આવ્યો હતો.

સરગાસણ વિસ્તારમાં ફેલમિંગો સોસાયટી સામેના ખેતરમાં અગાઉ કોઈ કારણસર ખોદવામાં આવેલો આશરે પંદર ફુટ જેટલો ઉંડો ખાડો યથાવત રહેવા દીધેલો છે જે ખાડામાં ખેતરમાં ચરતી ચરતી એક



તાજેતરમાં વિવાયેલી હોય તેવી દુઝણી ગાય પડી જવા પામી હતી. આ ઘટનાની જાણ ગાંધીનગર વોલન્ટિયર્સ ગૃપના સ્વયંસેવક અર્પણાબેન ઠક્કર દ્વારા ગૃપને જાણ કરવામાં આવતા તેમના સહિત સ્વયંસેવકો ઘટનાસ્થળે ધસી ગયા હતા સ્થળ પર જોઈને જોયું તો ગાય દુઝણી હોવાથી તેને સલામત રીતે કેમ બહાર કાઢી શકાય તે અંગે વિચારણા કરવામાં આવી હતી. આ દરમિયાન ફાયર બ્રિગેડને પણ જાણ કરાઈ હોવાથી ફાયરની ટીમ આવી પહોંચી હતી. જો કે ફાયરની ટીમ દ્વારા ગાયને શરીરે પટ્ટો બાંધીને ખેંચીને બહાર કાઢવાનો વિકલ્પ હતો જેના કારણે ગાયના આંચળ જો ખાડાની ધાર સાથે ઘસાય તો તે ઈજાગ્રસ્ત થઈ શકે જેના કારણે તેના વાછરડાનું સ્તનપાન પણ અટકી શકે તેવી શકયતા જણાતા આ વિકલ્પ પડતો મુકવામાં આવ્યો હતો. અંતે ગાંધીનગર વોલિયન્ટર્સ ગૃપના સભ્યોના સલાહસૂચનને આધારે એક જેસીબી મશીન મંગાવાયું હતું જેના થકી ખાડાની એક તરફ ખોદીને ઢાળ જેવું બનાવી દેવાયું હતું જેથી ગાયને આસાનીથી દોરીને બહાર કાઢી લેવામાં સફળતા મળી હતી. આ વિકલ્પને કારણે ખેતરમાં આવો ઊંડો ખાડો ખોદીને રહેવા દેવાની બેદરકારીનો ભોગ અન્ય પશુ-પ્રાણી પણ બની નહી શકે તેવી સ્થિતિ પણ ઢાળ બની જવાથી સર્જાતા સ્વયંસેવકોએ રાહતનો દમ લીધો હતો.

# કોરોના મહામારીમાં, Medizoc સ્ટાર્ટઅપ દ્વારા તદ્દન મફત ઓનલાઈન ડોકટર એપોઈન્ટમેન્ટ બુકિંગ સુવિધા શરૂ

ગાંધીનગર, તા.૧૬

અત્યારે કોરોના મહામારીના કારણે ક્લિનિકની બહાર ઉભા રહેવું સ્વાસ્થ્ય માટે જોખમી છે કેમકે ક્લિનિક ની બહાર ઉભા રહેલા દર્દીઓને એક બીજાથી કોરોના સંક્રમિત થવાની સંભાવના વધી જાય છે. જેથી કરીને દર્દીઓને ક્લિનિક જવામાં સંકોચ થાય છે અને તેના કારણોસર દર્દીઓને જલ્દી સારવાર નથી મળતી.




દર્દીઓ સાથે ડૉક્ટરને પણ આ મહામારીના લીધે સ્વાસ્થ્ય પર જોખમ રહે છે જેથી કરીને તેમના ક્લિનિકના બહાર ભીડ એકઠા ના થાય તેવી તેમની અપેક્ષા હોય છે.

આ સ્થિતિ જાણમાં રાખીને અમદાવાદના એક યુવક, હંસિત પટેલ એ Medizoc નામ નું હેલ્થકેર સ્ટાર્ટઅપ લોન્ચ કર્યુ છે. Medizoc હેલ્થકેર, સ્ટાર્ટઅપ ઈન્ડિયા દ્વારા પ્રમાણિત છે. જેની મદદથી દર્દીઓ તેમનો અનુકૂળ સમય પસંદ કરીને ડૉક્ટર ની એપોઈન્ટમેન્ટ બુક કરી શકે છે જેથી કરીને તેમને ક્લિનિક ની બહાર લાંબી કતારમાં ઉભા રહેવું ના પડે અને તેમના સ્વાસ્થ્ય પરનું જોખમ ખાસા અંતરે તળી જાય છે. અને ડૉક્ટરને પણ તેમના દર્દીઓને ટાઈમ સર અને જોખમ મુક્ત થઈને સારવાર કરવા મળે છે.

Medizoc નો મુખ્ય ધ્યેય આ મહામારીમાં એ છે કે, બધા દર્દીઓ ભીડમાં જવાનું ટાળીને એપ્લિકેશન દ્વારા પોતાની એપોઈન્ટમેન્ટ બુક કરીને જાય અને પોતાનો કિંમતી જીવ બચાવે અને સલામત રહે અને આ એપ્લિકેશન દ્વારા ડૉક્ટરને પણ તેમના ક્લિનિક ના બહાર થતી ભીડ સાચવવામાં સરળ રહે જેથી કરીને કોરોના સંક્રમણ નિયંત્રણમાં લાવી શકાય. Medizoc એપ્લિકેશન હાલ પુડતી ગૂગલ પ્લેસ્ટૉરમાં ઉપલબ્ધ છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આ એક બાકી રહ્યું હતું.... મોકલી દો અને પણ...!!

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- સ્વ. ઝાલા વિમળાબેન વિજયસિંહ, ઉ.વ. ૬૪, વાવોલ
- સ્વ. સોની કપીલાબેન શંકરલાલ, ઉ.વ. ૭૦, ડભોડા
- સ્વ. ભટ્ટ અરવિંદકુમાર નંદલાલ, ઉ.વ. ૭૫, ગીરગામ, મુંબઈ
- સ્વ. ઠાકોર માનસંગજી ભીખાજી, ઉ.વ. ૫૮, ત્રાગડ, અમદાવાદ
- સ્વ. શુકલ ગિરજાબેન મણીશંકર, ઉ.વ. ૧૦૪, સેકટર-૨
- સ્વ. રાઠોડ હઠિસિંહ રામસિંહ, ઉ.વ. ૪૫, વખતપુરા, સા.કાં.
- સ્વ. પરમાર ચમનભાઈ લાલાભાઈ, ઉ.વ. ૫૫, રંગપુર, માણસા
- સ્વ. પ્રજાપતિ ગજાભાઈ વિસાભાઈ, ઉ.વ. ૫૫, ચરાડા, માણસા
- સ્વ. ગોસ્વામી ભાવેશ ભારથી નવટરભારથી, ઉ.વ. ૨૮, ટીંટોડા
- સ્વ. પરમાર ધનજીભાઈ પરષોત્તમભાઈ, ઉ.વ. ૬૬, રાણીપુરા, મહેસાણા
- સ્વ. ઠાકોર વજેસિંહ મગનસિંહ, ઉ.વ. ૭૮, જીવાજીના મુવાડા, દહેગામ
- સ્વ. કંથારિયા સવિતાબેન ભરતભાઈ, ઉ.વ. ૬૩, સેકટર-૨૨
- સ્વ. ચૌહાણ હોથાજી બબાજી, ઉ.વ. ૬૦, સાણોદા, દહેગામ
- સ્વ. ઠક્કર ગોકુલભાઈ ન્યાલચંદભાઈ, ઉ.વ. ૫૭, સેકટર-૨૬
- સ્વ. વૈરાગી નિર્મલાકુમારી સતિષકુમાર, ઉ.વ. ૫૮, યમુનાનગર, હરિયાણા
- સ્વ. બારૈયા દાનાજી લાલાજી, ઉ.વ. ૮૫, એરંડાની મુવાડી, દહેગામ
- સ્વ. ત્રિવેદી જતિનકુમાર બાબુલાલ, ઉ.વ. ૫૨, સેકટર-૨૯

# સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટની અનુકરણીય પહેલ

**સ્વર્ગસ્થ પરિવારજનોના મોક્ષાર્થે તથા એક હકારાત્મક અને આધ્યાત્મિક વાતાવરણના સર્જન અર્થે હનુમાનચાલીસાનું સમૂહગાન**

ગાંધીનગર, તા.૧૬

સામાજિક સેવાના ક્ષેત્રમાં ગાંધીનગરની અગ્રણી સંસ્થા સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટ દ્વારા એક અનુકરણીય પહેલની પ્રસ્તુતિ કરવામાં આવી છે.

ગત વર્ષે લોકોનાં હૈયાંને જોશ આપતા ગીત 'મુસ્કુરાયેગા ઈન્ડિયા'નું સર્જન ટ્રસ્ટના સભ્ય પરિવારજનોને સમાવીને સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું, જેને ઘણી પ્રશસ્તિ પ્રાપ્ત થઈ હતી.



પોતાનાં અનેક સમાજસેવાનાં કાર્યો દ્વારા તો સંસ્થાએ લોકોનાં દિલોમાં પોતાનું સ્થાન અમર બનાવ્યું જ છે, પરંતુ તે ઉપરાંત સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાંય સંસ્થાનું નામ અગ્રેસર છે. અલબત્ત, છેલ્લા એક વર્ષથી કોરોના કાળને કારણે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો ક્રમ સંસ્થાએ મુલતવી રાખ્યો છે, પરંતુ તેમ છતાં આ સમયગાળમાંય સંસ્થાએ બે ઉલ્લેખનીય પહેલ તો કરી જ છે.

હવે સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટે, સ્વર્ગસ્થ પરિવારજનોના મોક્ષાર્થે તથા એક હકારાત્મક અને આધ્યાત્મિક વાતાવરણના સર્જન અર્થે હનુમાનચાલીસાનું સમૂહગાન કરીને એક નવી કૃતિનું સર્જન કર્યું છે.

આ અંગેની વિગતો આપતાં વિચારબીજના સર્જક અને ટ્રસ્ટના અગ્રણી સી એલ મહેતા જણાવે છે કે, ઊર્જાત્મક વાતાવરણનું સર્જન કરવા માટે હનુમાનચાલીસાથી વધુ સારો વિકલ્પ કોઈ ના હોઈ શકે એવું મને લાગ્યું ને એટલે એક જ હનુમાનચાલીસામાં વધુમાં વધુ સભ્ય પરિવારોને સમાવવા એવો વિચાર કર્યો અને એમાંથી આ યાદગાર કૃતિનું સર્જન થઈ શક્યું. મારા સાથી સભ્ય મિત્ર ભૂપેન્દ્ર ગજ્જર અને કુંતલ નિમાવતના સહકારથી અમે હનુમાનચાલીસાનું વિશિષ્ટ રીતે સર્જન કર્યું છે. હનુમાનચાલીસાની બે પંક્તિઓ વિભિન્ન પરિવારોને આપી દેવામાં આવી હતી. આ પરિવારોએ પોતાના ઘેરબેઠાં તેનું ગાન કરતો વિડીયો મોકલ્યો હતો, જેને એક સળંગ ફિલ્મમાં સમાવીને સાવ નવા જ પ્રકારનું સર્જન કરવામાં આવ્યું છે. ટ્રસ્ટ પરિવારના બે યુવા સભ્યો – કોહિનૂર હિંગુ અને પર્વ નિમાવત દ્વારા સુંદર એડિટિંગ કરીને આ ફિલ્મને સાકાર સ્વરૂપ આપવામાં આવ્યું છે.

આ ફિલ્મની વિશેષતા એ છે કે તેમાં ૩૧ પરિવારો અને ૧૦૧ વ્યક્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. હનુમાનજીની અલભ્ય તસવીરો તો અલગ. ગુજરાત રાજ્યમાં કોઈ સામાજિક સંગઠને આવો પ્રયોગ કર્યો હોય એવી આ પહેલી ઘટના છે. અને તેનો હેતુ મનોરંજનનો નહીં, પરંતુ હકારાત્મક ઊર્જાનો છે. ઉપરાંત ફિલ્મના અંતે નાગરિકોને માસ્ક પહેરવું, શારીરિક દૂરી રાખવી, સેનિટાઈઝરનો ઉપયો કરવો અને રસી અવશ્ય લેવી જેવી હિમાયત પણ કરવામાં આવી છે.

૧૫મી મેના રોજ શનિવાર નિમિત્તે ટ્રસ્ટના અગ્રણીઓએ એક વિડીયો કોન્ફરન્સ યોજી હતી અને તે અંતર્ગત આ હનુમાનચાલીસાનો પ્રીમિયર શો યોજવામાં આવ્યો હતો. એ પછી ટ્રસ્ટના સહુ પરિવારજનોને આ ફિલ્મ મોકલી આપવામાં આવી હતી.

સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટની યુટ્યુબ ચેનલ SKSST GANDHINAGAR ઉપર આ વિશિષ્ટ હનુમાનચાલીસા મૂકવામાં આવી છે, જેને 'હનુમાનચાલીસાનું સમૂહગાન' એવું શિર્ષક આપવામાં આવ્યું છે.

## જન્મદિને વધામણી



કેતનભાઈ ધોળુ
બિલ્ડર્સ, ટ્રસ્ટી સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



કમલેશ શાહ
ગ્રીન સિટી કુરિયર
મો. ૯૯૭૮૮ ૮૩૪૬૬




રંજનબેન તેજપાલ ગાંધી
મો. ૯૧૦૪૧ ૫૯૫૩૧



મહેશભાઈ ડી પટેલ



ડૉ. કૌશલ એચ શાહ
મો. ૯૪૨૬૭ ૫૯૨૮૦



સાની કાદરી
મો. ૯૭૧૪૦ ૪૨૫૧૫



ખેવના
મહેન્દ્રભાઈ મકવાણા

## ખૂણેખાંચરેથી

- તૌક-તે વાવાઝોડાને લઈ કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે સવારે ૧૧ વાગે અને રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જિલ્લા તંત્રો સાથે બપોરે ૩ વાગે વિડીયો કોન્ફરન્સ યોજી હતી.
- સોમવાર અને મંગળવારે વાવાઝોડાને પગલે વેક્સિનેશન કેન્દ્રો બંધ રખાશે.
- વાવાઝોડાને લઈ મહાનગરપાલિકા અને જિલ્લાતંત્રને એલર્ટ મોડ પર મુકવામાં આવ્યું છે.
- કોલવડા કોવિડ કેર સેન્ટરની મુલાકાત પછી ત્યાંના વાતાવરણ અંગે તેમજ દર્દીઓની લેવાતી કાળજીને લઈ મંત્રી દિલીપ ઠાકોરે પ્રસન્નતા અભિવ્યક્ત કરી હતી.
- જિલ્લામાં ૨૭ દિવસ બાદ કોરોનાના કેસોની સંખ્યા ૨૦૦ થી નીચે ગઈ છે.
- તૌકતે વાવાઝોડાને લઈ જિલ્લા કલેકટરે સ્વૈચ્છીક સંગઠનોના આગેવાનો સાથે પણ ગુગલ એપથી બેઠક કરી હતી.
- તૌક-તે વાવાઝોડાને લઈ જિલ્લા ખેતીવાડી અધિકારી ડી.એ. જાદવે પણ ઉનાળુ પાકને બચાવવા માટેના પગલાં લેવા ખેડૂતોને જણાવ્યુ છે. તેમણે બાજરીના પાકમાં પિયત અને જંતુનાશક દવાનો છંટકાવ નહિ કરવા જણાવ્યુ છે.